# ગૂજરાત વિદ્યાપીઠઃ અમદાવાદ-૩૮૦૦૧૪

જા.નં.૦૯/વહીવટ/ COVID-19/૨૦૨૦-૨૧

તા.૧૪.૦૪.૨૦૨૦

વંચાણે લીધાઃ

૧) અત્રેનાં કાર્યાલયનાં પરિપત્ર જા.નં.૨૯૮૮/વહીવટ/COVID-19/૨૦૧૯-૨૦, તા.૨૪.૦૩.૨૦૨૦

૨) અત્રેનાં કાર્યાલયનાં પરિપત્ર જા.નં.૨૯૮૯/વહીવટ/ COVID-19/૨૦૧૯-૨૦, તા.૨૬.૦૩.૨૦૨૦

૩) અત્રેનાં કાર્યાલયનાં પત્ર જા.નં.૦૧/વહીવટ/ COVID-19/૨૦૧૯-૨૦, તા.૦૧.૦૪.૨૦૨૦

૪) અત્રેનાં કાર્યાલયનાં પત્ર જા.નં.૦૮/વહીવટ/ COVID-19/૨૦૧૯-૨૦, તા.૧૪.૦૪.૨૦૨૦

## કાર્યાલય આદેશ

નોવેલ કોરોના વાઈરસ (COVID-19)નાં સંક્રમણને નિયંત્રણમાં રાખી શકાય તે હેતુથી જાહેર હિતમાં આવશ્યક સેવાઓ સાથે સંકળાયેલ સેવકો સિવાયનાં તમામ વિદ્યાર્થીઓ/શૈક્ષણિક સેવકો/ સંશોધકો/ બિન શૈક્ષણિક સેવકો માટે ગૂજરાત વિદ્યાપીઠનાં તમામ સંકુલો/વિભાગો/શાળાઓ/કેન્દ્રો બંધ રહેશે પરંતુ અપવાદરૂપ સંજોગોમાં જરૂરીયાત મુજબ ન્યુનતમ સેવકો (skeleton staff) સાથે આદરણીય કુલનાયકશ્રીની પરવાનગીથી અનિવાર્ય કામગીરી કરી શકશે તેમજ નોવેલ કોરોના વાઈરસ (COVID-19)નાં સંબંધમાં કેન્દ્ર સરકાર, યુ.જી.સી. અને રાજ્ય સરકારનાં વખતો વખત આદેશો અને માર્ગદર્શિકાઓનું પાલન કરવા ઉપરોકત વંચાણે લીધેલ પત્રોથી જણાવવામાં આવેલ છે.

૨. વિદ્યાર્થીઓનાં અભ્યાસક્રમની સમીક્ષા સંદર્ભે ઉચ્ચ શિક્ષણની તમામ વિદ્યાશાખાનાં ડીન અને વિભાગીય વડા સાથે આદરણીય કુલનાયકશ્રીની અધ્યક્ષતામાં તા.૦૪.૦૪.૨૦૨૦નાં રોજ દ્વિતિય ઓનલાઈન બેઠકનું આયોજન કરવામાં આવ્યું હતુ. ઓનલાઈન બેઠકમાં ઉપસ્થિત તમામ ડીન અને વિભાગીય વડાઓનાં જણાવ્યા મુજબ તમામ વિભાગોનાં વિષયોનાં મોટાભાગનાં અભ્યાસક્રમ પુરા થયા છે અને આંશિક બાકી રહેલા વિષયોનાં અભ્યાસક્રમ પૂરા કરવા માટે વિવિધ સંચાર માધ્યમો દ્વારા કાર્ય થઈ રહ્યું છે.

૩. નોવેલ કોરોના વાઈરસ (COVID-19)નાં સંક્રમણની હાલની પરિસ્થિતિને ધ્યાને લઈને ગૂજરાત વિદ્યાપીઠનાં ઉચ્ચ શિક્ષણનાં અમદાવાદ/સાદરા/રાંધેજા પરિસર ખાતે તા.૧૫.૦૪.૨૦૨૦ થી તા.૧૬.૦૫.૨૦૨૦ સુધી વેકશન જાહેર કરવામાં આવે છે. જે વિદ્યાશાખા/વિભાગોમાં વેકેશનની વ્યવસ્થા નથી તે અને બિન શૈક્ષણિક સેવકોએ આ આદેશનાં પેરા એકમાં જણાવ્યા મુજબ અનુસરવા જણાવવામાં આવે છે. પરીક્ષાઓ યોજવા બાબતે ભારત સરકાર/યુ.જી.સી.નાં નિર્દેશ મુજબ તેમજ જે તે સમયની પરિસ્થિતિને ધ્યાનમાં રાખી નિર્ણય લેવામાં આવશે.

૪. રાજ્ય સરકાર / અન્ય સત્તામંડળ અતર્ગત કાર્યરત શાળા/કેન્દ્ર/વિભાગે રાજ્ય સરકાર/સત્તામંડળનાં દિશા-નિર્દેશો તથા હવે પછી બહાર પડનારી માર્ગદર્શિકાઓ અને આ આદેશનાં પેરા એકમાં જણાવ્યા મુજબ અનુસરવા જણાવવામાં આવે છે.

આ આદેશ આદરણીય કુલનાયકશ્રીની આજ્ઞાનુસાર કરવામાં આવે છે.

(ડૉ. ભરત જોશી)
કા. કુલસચિવ

નકલ સવિનય રવાનાઃ આદરણીય કુલનાયકશ્રી, જાણ સારું.

નકલ રવાનાઃ સંબંધિત તમામ ડીન/વડા/સંયોજકશ્રી/આચાર્યશ્રી/સંચાલકશ્રીની જાણ તથા અમલવારી સારું.